# કેતન પટેલના કરાયા અગ્નિ સંસ્કાર : પરિવારના સભ્યોએ આપી મુખાગ્નિ

મહેસાણાના બહુચર્ચિત કસ્ટોડિયલ ડેથમાં મૃતક કેતનના પિતા મહેન્દ્રભાઈ પટેલની નાજુક તબિયતના કારણે મહેસાણાથી ગાંધીનગર રાજ્યપાલના બંગલે જનારી શબયાત્રા કાઢવાનો નિર્ણય રદ કરવામાં આવ્યો હતો. આજે રવિવારે સવારે સિવિલથી બલોલ સુધી કેતન પટેલની સ્મશાનયાત્રા નીકળી હતી.જેમાં મોટી સંખ્યા માં પાટીદારો જોડાયા હતા ૩૫ કિમી લાંબી યાત્રા માં કોઈ અનીચ્નીય ઘટના ઘાટી ન હતી જ્યારે આ સમગ્ર મામલે હાલ માં તંત્ર ન્યાય નહી આપે તો અસ્તિ યાત્રા કાઢવા માં આવશે તેમ બાબુ માંગુકિયા એ જણાવ્યું હતું આ યાત્રા જ્યારે આજે રવિવારે બપોરે ૨.૩૦ વાગેની આસપાસ બલોલ આ યાત્રા પોહચી હતી

કેતન પટેલ ના અંતિમ યાત્રા માં આજે સમગ્ર મહેસાણા હિબકે ચઢ્યું હતું ઋત ની તમામ દુકાનો આજે બંધ રહેવા ગી હતી અને બજારો પણ આંજે સુમસામ ભાષી






રહ્યા હતા.. જ્યારે કેતન પટેલ ની અંતિમ યાત્રા માં મોટી સંખ્યા માં રાજકીય આગેવાનો સહિત અન્ય સમાજ પણ જોડાયો હતો કેતન ને મૃતદેહ ને સવારે મહેસાણા થી ૮ વાગે લઈ જવા માં આવ્યો હતો અને બપોરે આ યાત્રા તેના ગામ બલોલ મુકામે પોહચી હતી ... ગામમાં પહોંચતાની સાથે જ આક્રંદ જોવા મળ્યું હતું. જ્યારે નાના ભાઈ દ્વારા કેતનને અગ્નિદાહ આપીને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતાં. આ સ્મશાન યાત્રામાં આખું ગામ અને મોટી સંખ્યામાં પાટીદારો ઉમટી પડ્યાં હતાં. પુત્રના અગ્નિ સંસ્કારમાં પિતાને હોસ્પિટલથી લાવવામાં આવ્યા હતાં. કેતનના પિતા મહેન્દ્રભાઈ પટેલ પિતાને હાર્ટ એટેક આવતાં મહેસાણાના ખાનગી દવાખાનામાં દાખલ કરાયા હતા હાલ માં પરિવાર માં ભારે રોષ જોવા મળી રહ્યો છે ...કેતન-કેતન તું જતો રહ્યો... કહી ને માતા ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી હતી અને વાતવારણ ભારે તંગ બન્યું હતું અને કેતન અમોર રહો ના નારા સમગ્ર ગામ માં લગ્યા હતા ...'કેતન-કેતન તું જતો રહ્યો, છોકરા જેવો છોકરો મારો જતો રહ્યો..., મારા પુત્રનું મોત એળે નહીં જાય, એનો ચહેરો મારી આંખોની સામે જ છે, જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી એને સાચી શ્રદ્ધાંજલી આપી ન કહેવાય' તેવું કહેતાં જ કેતનની માતા ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડ્યા હતાં. આ ઉપરાંત કેતનની પિતરાઈ બહેન પણ ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી હતી... આ કેતન ની યાત્રા માં ૧૦૦ કિલો ગુલાબની પાંદડીઓ, ૫૦ કિલો ગુગળ, અત્તર, ૧૦ કિલો સુખડ, ૨૫ કિલો ઘી, શબને મૂકવા માટે ટ્રેક્ટર, જનરેટર, કોફીનની તાબડતોબ વ્યવસ્થા કરવામાં આવી હતી... મહેસાણા સિવિલથી સવારે કેતન પટેલની સ્મશાનયાત્રા નિકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં પાટીદારો જોડાયા હતા. જ્યારે રાધનપુર ચોકડી પાસે હજારોની સંખ્યામાં પાટીદારો જોડાયા હતા. જ્યાં શહીદ કેતન પટેલને પાટીદારો દ્વારા ફૂલો ચઢાવીને શ્રંદ્ધાજલિ અર્પણ કરવામાં આવી હતી. આ સ્મશાન યાત્રામાં પાટીદાર યુવાનો બાઈકો લઈને જોડાયા હતા. મહેસાણા સિવિલથી રવિવારે સવારે ૮ વાગે કેતનની સ્મશાન યાત્રા કાઢવામાં આવી હતી. જે રાધનપુર ચોકડીથી પાંચોટના માર્ગે નુગર બાયપાસથી મીઠા-સામેત્રા થઈને બલોલ પહોંચી હતી.જ્યારે આવતીકાલે કેતન નું બેસણું તેના ગામ માં પરા વાડી બલોલ માં રાખવા માં આવ્યું છે જેમાં સવારે ૮ વગ્યા થી આ બેસણું ચાલશે જેમાં ગુજરાત ભર માંથી પાટીદારો કેતન ને મળવા આવનાર છે. જ્યારે આ સમગ્ર રૂટ માં કેતન ની અંતિમ વિધિ માં કોઈ વ્યક્તિ ને બેક્ટેરિયાની અસર ન થાય તે હેતુએ પ્લાસ્ટિકની સીલ પેક કેતન ની લાશ કરવામાં આવી હતી જ્યારે કોફીન માં માઈન્સ ૨૦ ડીગ્રી માં કેતન ની લાશ ને બલોલ મુકામે લઈ જવામાં આવ્યા હતા અને કેતન ની આ યાત્રા માં તેની આશપાશ હાજર લોકોને આંખમાં ચાશમાં અને હાથમાં ગ્લોજ સહિત બેકટેરિયાની અસર ન વરતાય તે માટે એન્ટી બયોતિક ના ઈજેક્શન વેક્ષીણ શ્વારૂપે આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

## પાલનપુરમાં યુવક પર હિચકારો હુમલો

પાલનપુરના દિલ્હીગેટ બારડપુરા વિસ્તારમાં એક યુવતીની છેડતીને મામલે મામલો બીચક્યો




હતો. જેમાં એક હિન્દૂ યુવક પર લઘુમતી સમુદાયના લોકોએ હિચકારો હુમલો કરતા ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુરના દિલ્હીગેટ વિસ્તારમાં છોકરીની છેડતીના મુદ્દે ઠપકો આપવા ગયેલા એક ૩૨ વર્ષીય યુવક પર ધોકા અને તલવારો વડે પાંત્રીસેક લોકોના ટોળાએ હુમલો કરતા દોડધામ મચી ગઈ હતી. પાલનપુરના પત્થરસડક, ભરથાર ના થુંબડા પાસે રહેતા ૩૨ વર્ષીય જીજ્ઞેશ મહેશભાઈ પરમાર પર મુસ્લિમ સમુદાયના લોકોએ હુમલો કરતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઘટનાને પગલે પૂર્વ પોલીસ દોડી આવી હતી. અને સઘન પોલીસ પેટ્રોલિંગ કરી પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. ઘટનાના સમાચાર વાયુવેગે ફેલાતા લોકોના ટોળેટોળાં સિવિલમાં ઉમટી પડ્યા હતા.

## પાલનપુર સિવિલના ખાનગીકરણના વિરોધમાં કૉંગ્રેસના ધરણા

સરહદી બનાસકાંઠા જિલ્લાને મેડિકલ કોલેજ આપવાની આડમાં પાલનપુર સિવિલનું ખાનગીકરણ હાથ ધરાયુ છે. ત્યારે આજે કૉંગ્રેસે સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ સામે વિરોધ જતાવતા ધરણાં યોજી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ હતું.

રાજ્યના આરોગ્ય મંત્રી શંકર ચૌધરીએ બનાસકાંઠાને મેડિકલ કોલેજ આપવાની આડમાં જિલ્લાની મુખ્ય સરકારી સિવિલ નો વહીવટ હસ્તગત કરવાની તજવીજ હાથ ધરી છે. પાલનપુર સિવિલ હોસ્પિટલનું ખાનગીકરણ કરી તેનો વહીવટ બનાસડેરીને સોંપવાનો નિર્ણય લેવાયો છે. જેના જિલ્લાભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

## જીએસટી સામે ડાયમંડ ઉદ્યોગનો વિરોધ

**પાલનપુર ખાતે બનાસકાંઠા ડાયમંડ મર્ચન્ટ એસોસિએશન દ્વારા કલેક્ટરને પાઠવાયું આવેદનપત્ર**

**બનાસકાંઠાના ૫૦,૦૦૦ રત્નકલાકારો બેકાર થશે, જેની અસર ચૂંટણી પર વર્તાશે તેવી દહેશત**

કેન્દ્રની મોદી સરકાર દેશભરમાં સમાન કર પ્રણાલી માટે જી.એસ.ટી.નો અમલ કરવા જઈ રહી છે. જેની સામે વિરોધનો સુર ઉઠ્યો છે. ત્યારે પાલનપુર ખાતે આજે બનાસકાંઠા અને પાલનપુર ડાયમંડ મર્ચન્ટ એશોસીએશન દ્વારા પણ જી.એસ.ટી.ના વિરોધમાં હીરા બજારને સજ્જડ બંધ પાળી કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું.

નોટબંધીની માર બાદ મંદીનો સામનો કરી રહેલા ડાયમંડ ઉદ્યોગને હવે જી.એસ.ટી. નું ગ્રહણ લાગ્યું છે. હીરા ઉદ્યોગ પર જી.એસ.ટી. લાદવાના સરકારના નિર્ણયથી સરહદી બનાસકાંઠાનો ડાયમંડ ઉદ્યોગ ફફડી ઉઠ્યો છે. ત્યારે આજે પાલનપુર ખાતે બનાસકાંઠા ડાયમંડ



મર્ચન્ટ એશોસીએશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું. જેમાં હીરા ઉદ્યોગ પરનો જી.એસ.ટી.દૂર કરવાની માંગ કરાઈ હતી.

સરકાર રત્નકલાકારો સહિત દલાલી પર જી.એસ.ટી. દાખલ કરવા જઈ રહી છે. ત્યારે અભણ લોકોને રોજગારી આપી રહેલો ડાયમંડ ઉદ્યોગ નામશેષ થઈ જશે. અને માત્ર બનાસકાંઠા માં જ ૫૦,૦૦૦ જેટલા લોકો બેરોજગાર થઈ જશે તેવી દહેશત કરી હતી.

## યોગી આદિત્યનાથની લખનૌ બનાસ ડેરીના પ્લાન્ટની મુલાકાત

બનાસ ડેરીની રાજ્ય બહાર ક્ષિતિજ વિસ્તરી રહી છે અને દૂધ સંપાદન કરવામાં સફળતા મળી રહી છે. ઉત્તરપ્રદેશમાં ૧૭૦૦ સહકારી મંડળીની શરૂઆત કરી છે ત્યાં પ્રતિદિન ચાર લાખ કરતા વધુ લિટર દૂધ



સંપાદન કરવામાં આવે છે. આજ રોજ ઉત્તરપ્રદેશ સરકારે બનાસ ડેરીનું સહકારી મોડલ સમજવા માટે ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી અને વરિષ્ટ સહકારી આગેવાનો સાથે મહત્વની બેઠક કરી હતી જેના સંદર્ભે માનનીય મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ, ઉપમુખ્યમંત્રીશ્રી દિનેશ શર્માજી સમક્ષ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યા હતા.

માનનીય મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથે બનાસ ડેરીના લખનૌ ખાતે આવેલ પ્લાન્ટની ઝીણવટપૂર્વક માહિતી મેળવી હતી. આ પ્લાન્ટ ૫ લાખ લિટર દૂધ પ્રતિદિન પ્રસંસ્કરણ કરવાની ક્ષમતા ધરાવે છે જેમાં રોજની ૧૦ મેટ્રિક ટન પનીર, ૫૦ હજાર લિટર આઈસ્ક્રીમનું પણ ઉત્પાદન કરવામાં આવે છે. બનાસ ડેરીએ લખનૌ પ્લાન્ટની આસપાસ આઠ જિલ્લામાં દૂધ કલેક્શન સેન્ટરોની શરૂઆત કરી છે. ઉત્તરપ્રદેશ સરકાર સાથે બનાસ ડેરીનું સહકારી મોડલ વિસ્તારવા માટે ભાવિ આયોજન કરવા માટેની વિચારણ કરવામાં આવી હતી.

## અરવલ્લી જિલ્લા પંચાયતના શૌચાલયમાંથી તીવ્ર દુર્ગંધથી મુલાકાતીઓ ત્રાહીમામ

**ગંદકીથી ખદબદતી મૂતરડી : પીવાના પાણીનો જગ નજીક**

**ગંદકીથી જિલ્લા પંચાયતના કર્મચારીઓ સામે આરોગ્યનો ખતરો**

જિલ્લા મથક મોડાસાની કેટલીક સરકારી કચેરીઓની આસપાસ ગંદકીના ઢગ સરકારના સ્વચ્છતા અભિયાનનો દાટ વાળી રહ્યા છે. સરકાર દ્વારા ગામડે ગામડે અને શહેરી વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા અનેક કાર્યક્રમો અને પ્રસાર-પ્રચાર પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા અભિયાનમાં ગામડે ગામડે મોકલવામાં આવી રહ્યા છે. ત્યારે તેનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિ અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીની ચેમ્બર નજીકના જિલ્લા પંચાયતના શૌચાલય અને મૂતરડીમાં જોવા મળી રહી છે. ગંદકીથી ખદબદતી મૂતરડીમાંથી તીવ્ર દૂર્ગંધ સમગ્ર જિલ્લા પંચાયતના મકાનમાં માટે પીવાની સગવડના ભાગરૂપે રખાયેલા પાણીના જગની આજુબાજુ પણ ગંદકી જોવા મળતા મુલાકાતીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ગંદકીથી જિલ્લા પંચાયત મકાનમાં મચ્છરોનો ઉપદ્રવ વધી જતા કર્મચારીઓ સહિત જિલ્લાવાસીઓના આરોગ્ય સામે ખતરો પેદા થયો છે. જિલ્લા પંચાયતમાં



છે. જિલ્લાકક્ષાની કચેરીમાં બેઠેલા જ અધિકારીઓને સ્વચ્છતા જાળવવાના પ્રસરતા મુલાકાતીઓ અને જિલ્લાના કામકાજ અર્થે આવતા જિલ્લાવાસીઓ તોબા પોકારી ઉઠ્યા છે. પંચાયતના કર્મચારીઓ અને મુલાકાતીઓના આરોગ્ય સામે ખતરો પેદા થયો છે.

અરવલ્લી જિલ્લા પંચાયત જિલ્લા પંચાયતના નવનિર્માણ પછી માલપુર રોડ પર આવેલી ખેતીવાડી ઓફિસમાં હાલ પુરતી કાર્યરત કરવામાં આવી છે. જિલ્લા પંચાયત મકાનમાં જિલ્લા વિકાસ અધિકારીની ચેમ્બર નજીક થોડાક જ અંતરે આવેલી મૂતરડી અને શૌચાલયમાં ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. શૌચાલય અને મૂતરડીની સ્વચ્છતા ન જળવાતા સમગ્ર જિલ્લા પંચાયતના મકાનમાં તીવ્ર દૂર્ગંધ માથુ ફાડી નાખે તેવી ફેલાતા જિલ્લા પંચાયતમાં કામકાજઅર્થે આવનાર જિલ્લાવાસીઓ તોબા પોકારી ઉઠ્યા છે. તદ્ઉપરાંત મૂતરડી નજીક જ જિલ્લામાંથી આવનાર મુલાકાતીઓ ફરજ બજાવતા કર્મચારીઓ ગંદકીથી બચવા મોઢા ઉપર રૂમાલ નાખીને ફરતા જોવા મળી રહ્યા છે.

જિલ્લા પંચાયતની મુલાકાતે આવેલા એક જાગૃત નાગરીકે બળાપો ઠાલવતા જણાવ્યુ હતુ કે જિલ્લા વિકાસ અધિકારી તરીકે એક મહિલા ઓફિસર ફરજ બજાવી રહ્યા હોય અને દેશના વડાપ્રધાન દ્વારા સ્વચ્છતા અભિયાનની ગુલબાંગો પુકારાતી હોય ત્યારે જિલ્લા વિકાસ અધિકારીની ઓફીસ નજીક જ મુતરડીમાંથી તીવ્ર ગંધ આવી રહી છે અને મુતરડી ગંદકીથી ખદબદી રહી હોય તો પછી જિલ્લામાં સ્વચ્છતા અભિયાન અને ગામડામાં ગંદકીથી છૂટકારો કઈ રીતે મેળવી શકાશે ? જિલ્લા વિકાસ અધિકારીએ ઓફીસની નજીક દુર્ગંધથી ખદબદતી મુતરડી તરફ નજર નાખી સત્વરે સ્વચ્છતા જિલ્લા પંચાયતમાં જાળવવી જોઈએ તે ખૂબ જ જરૂરી છે.

## અરવલ્લી જિલ્લા યુવા તુરી-બારોટ સંગઠન સેવા ટ્રસ્ટ દ્વારા ચોપડા-બેગ વિતરણ

અરવલ્લી, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના સુપ્રસિદ્ધ જાણીતા યાત્રાસ્થળ દેવરાજ મંદિરની ભૂમિ પર રવિવારે અરવલ્લી




જિલ્લાના યુવા તુરી-બારોટ સંગઠન સેવા ટ્રસ્ટ દ્વારા સમગ્ર અરવલ્લી જિલ્લામાં અભ્યાસ કરતા સમાજના બાળકો માટે મફત ચોપડા-બેગ વિતરણ કાર્યક્રમ અને અભ્યાસમાં ઉજ્જવળ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ સહિત સમાજની પ્રતિભાઓનો સન્માન સમારોહ યોજાયો હતો.

અરવલ્લી જિલ્લા યુવા તુરી-બારોટ સંગઠન સેવા ટ્રસ્ટના સદસ્યો દ્વારા છેલ્લા બે વર્ષથી જિલ્લામાં અભ્યાસ કરતા બાળકોને ચોપડા બેગનું વિતરણ નિઃશુલ્ક કરવામાં આવે છે. રવિવારે આ યુવા સંગઠન દ્વારા દેવરાજ મંદિરના પટાંગણમાં સમગ્ર જિલ્લામાં અભ્યાસ કરતા બાળકો અને વિદ્યાર્થીઓ અભ્યાસ અંગે રૂચી કેળવાય તેવા ઉમદા હેતુથી મફત ચોપડા-બેગ વિતરણ કાર્યક્રમ અને અભ્યાસમાં ઉજ્જવળ દેખાવ કરનાર ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજી શિલ્ડ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમમાં કમિશનર ઓફ ટ્રાન્સપોર્ટ ગાંધીનગરના આર.એમ. જાદવ(આઈએએસ) ગુજરાતી ફિલ્મોના જાણીતા હિરો અને ડાયરાના બેતાજ બાદશાહ રાજદિપ બારોટ-વનિતા બારોટ, ગોધરાના ડેપ્યુટી ડીડીઓ આર.કે. રાજન, દેવરાજ મંદિરના મહંત મહેશગીરી બાપુ, રામદેવ સેવા મંડળ મોડાસાના પ્રમુખ ધર્મેન્દ્રનાથજી યોગી, અરવલ્લી જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમાર, જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષી, જાણીતા કોન્ટ્રાક્ટર વિનોદ પટેલ, સંગીતના મહારથી પ્રવિણ બારોટ, લોક ગાયક ધવલ બારોટ અને પ્રયાસ ફાઉન્ડેશનના ચંદ્ર બારોટ અને ગુરૂગાદી બાદરપુરાના સંત બાલકદાસજીની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. સમગ્ર કાર્યક્રમ અરવલ્લી જિલ્લા યુવા તુરી બારોટ સંગઠનના પ્રમુખ ભરત જાદવ, મહામંત્રી સંજય બારોટ, ખજાનચી અને અરવલ્લી જિલ્લાના જાણીતા લોકગીત કલાકાર ગીરીશ બારોટ, ઉપપ્રમુખ જયેશ બારોટ, સહમંત્રી કિર્તી બારોટ, કારોબારી અધ્યક્ષ અરવિંદ બારોટ, ભીખાભાઈ બારોટ અને યુવા અગ્રણી પરેશ બારોટ દ્વારા સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. અરવલ્લી જિલ્લામાંથી મોટી સંખ્યામાં તુરી-બારોટ સમાજના અગ્રણીઓ, યુવાનો, બાળકો, વિદ્યાર્થીઓ, યુવતિઓ અને મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## અંબાજીનાં હિમાંશુ ગઢવીએ વોટ્સઅપ જેવી જ હિમજી ચેટ એપ બનાવી

ભારત દેશ ડિઝીટલ ઈન્ડિયા બનવાં જઈ રહ્યુ છે. ને રાજ્ય અને કેન્દ્ર સરકાર પણ મોટા ભાગ ની યોજનાઓ ડિઝીટલાઈસન કરી રહી છે. ત્યારે ભણવામાં પણ વિધ્યાર્થીઓ કોમ્પ્યુટર માં વધુ રસ લેતા થયાં છે. અને હાલ માં આ ડીઝીટલ ઈન્ડિયા અંતરગત્ત સોસીયલ મીડીયા નો પણ વ્યાપ ખુબ વધ્યો છે. ત્યારે મુળ અંબાજી નાં રહેવાસી અને પાલનપુર ની વિદ્યામંદિરનાં ધોરણ-૯ માં અભ્યાસ કરતાં એક હિમાંસુ ગઢવી એ આઈ.ટી ક્ષેત્રે એક નવુ સોંપાણ સર કર્યુ છે. આજ નાં સમય માં લોકો મેસેજ ની આપ-લે માટે મોટા ભાગે વોટ્સઅપ નો ઉપયોગ



કરે છે. ત્યારે આ હિમાંસુ એ વધુ ડેવલોપ્ટ કરી ને વોટ્સઅપ જેવી જ હિમજી ચેટ એપ બનાવી છે. અને જેમાં ૨૫૬ નહીં પણ ૫૦૦૦ થી વધુ એક ગૃપ માં મુત્રો ને જોડી શકાય છે. જ્યારે ૨ જીબી સુધી ની કોઈ પણ પ્રકાર ની ટેડા ફાઈલ સરળતાથી અને ઝડપ થી મોકલી શકાય છે. આ હિમજી ચેટ એપ ને ગુગલ માં પણ રજીસ્ટ્રેશન કરાવાયુ છે. જેનું હાલ માં રેન્ટ ૪.૯ જોવા મળી રહ્યુ છે. ને ગુગલ માં આ એપ માટે ની ફિ ભરી દેતાં લોકો પણ આ એપ નો ઉપયોગ કરતાં થયા છે. જે બાબતે ગુગલ નાં સર્ટીફિકેટો પણ હિમાંસુ એ મેળવી લીધા છે.